# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


Ref no. PN 2025-26/066 Dt. 25/07/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## સુરત અને સાઉથ–ઇસ્ટ યુરોપિયન કન્ટ્રી સાઇપ્રસની મહિલા ઉદ્યોગકારોને બિઝનેસમાં પરસ્પર સહયોગ માટે SGCCI અને WICCI વચ્ચે સમજૂતિ કરાર

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૨૩ જુલાઇ ૨૦૨૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે વુમન્સ ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (WICCI) – Cyprus Chapter સાથે ઓનલાઇન મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, ઇન્ચાર્જ માનદ્ મંત્રી શ્રી ભાવેશ ટેલર, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરની લેડીઝ વીંગના વાઇસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસી અને ચેમ્બરના એસજીસીસીઆઇ ગ્લોબલ કનેકટના સીઇઓ શ્રી પરેશ ભટ્ટ ઉપસ્થિત રહયા હતા.

આ ઓનલાઇન મિટીંગમાં સાઇપ્રસ સ્થિત ભારતના હાઇ કમિશનના હાઇ કમિશનર હીઝ એકસીલન્સ શ્રી મનિષ (H.E. Mr. Manish) અને ફર્સ્ટ સેક્રેટરી શ્રી સુભાષ જંગલા (Mr. Subhash Jangla), મુંબઇ સ્થિત કોન્સ્યુલેટ ઓફ રિપબ્લીક ઓફ સાઇપ્રસના ઓનરરી કોન્સુલ શ્રી વિરાજ કુલકર્ણી (Mr. Viraj Kulkarni - Honorary Consul, Honorary Consulate of Republic of Cyprus, Mumbai) અને સાઇપ્રસ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ મીસ મરીના ઝેવેડેઉ (Ms. Marina Zevedeou), ઓનરરી પ્રમુખ મીસ એલેના તનુ (Ms. Elena Tanou), સેક્રેટરી જનરલ શ્રી ફિલોકાયપ્રોસ રૂસુનાઇડીસ (Mr. Philokypros Roussounides)અને સભ્યો જોડાયા હતા.

આ મિટીંગ દરમ્યાન ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને વુમન્સ ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (WICCI) – Cyprus Chapter વચ્ચે આંતરરાષ્ટ્રીય વ્યાપાર વધારવા તેમજ મહિલા

ઉદ્યોગ સાહસિકોને બિઝનેસમાં પરસ્પર સહયોગ માટે સમજૂતિ કરાર (MoU) થયા હતા, જેના અંતર્ગત બંને દેશોની મહિલા સાહસિકો માટે નેટવર્કિંગ, ટેકનિકલ સહકાર અને નવી બિઝનેસ તકો ઊભી કરવા માટે કામગીરી કરવામાં આવશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, વુમન્સ ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના સાઇપ્રસ ચેપ્ટર સાથેના સમજૂતિ કરાર સુરતની મહિલા ઉદ્યોગ સાહસિકોને વૈશ્વિક ફલક પર આગળ વધવા મદદ કરશે. સાઇપ્રસ જેવી યુરોપિયન અર્થતંત્ર સાથે જોડાણ થવાથી સુરત અને સમગ્ર દક્ષિણ ગુજરાતની મહિલાઓ માટે નવી તકો ઊભી થશે. ચેમ્બરે હમેશા મહિલા સશક્તિકરણને પ્રાથમિકતા આપી છે.

ચેમ્બરની લેડીઝ વીંગના વાઇસ ચેરપર્સન શ્રીમતી અલ્પાબેન મદ્રાસીએ જણાવ્યું હતું કે, મહિલાઓમાં અદભૂત ક્ષમતા છે. જો યોગ્ય માર્ગદર્શન, નેટવર્ક અને તક મળે તો તેઓ અસાધારણ સફળતા પ્રાપ્ત કરી શકે છે. ચેમ્બરની લેડીઝ વીંગ એ હંમેશાં મહિલાઓ માટે ઔદ્યોગિક માહોલનું નિર્માણ કરવાના પ્રયાસ કરે છે, જ્યાં તેઓ આત્મવિશ્વાસથી આગળ વધી શકે છે. આ પ્રકારના આંતરરાષ્ટ્રીય સહયોગોથી સુરતની મહિલા સાહસિકોને નવી ટેકનોલોજી જાણવા મળશે અને નવા બજારોમાં તેઓના પ્રોડકટને રજૂ કરવાની તકો મળશે.

સાઇપ્રસ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ મીસ મરીના ઝેવેડેઉ (Ms. Marina Zevedeou)એ જણાવ્યું હતું કે, SGCCI અને WICCIના આ સહયોગથી ભારત તથા સાઇપ્રસની મહિલા ઉદ્યોગકારોને વૈશ્વિક વ્યાપાર ક્ષેત્રમાં નવી તકો મળશે, જે ભારતના જીડીપી તેમજ વૈશ્વિક મિત્રતાને વધુ મજબૂત બનાવશે. આગામી સમયમાં બંને સંસ્થાઓ વિવિધ મિશન, સેમિનાર, ટ્રેડ ડેલિગેશન અને નોલેજ શેરીંગ કાર્યક્રમોનું સાથે મળીને આયોજન કરાશે, જેમાં બંને દેશોની મહિલા ઉદ્યોગ સાહસિકો માટે સસ્ટેનેબલ ડેવલપમેન્ટના નવા માર્ગ ખુલશે. આ સમજૂતિ કરારથી SGCCI અને WICCI વૈશ્વિક સ્તરે મહિલા સશક્તિકરણ માટે એક મજબૂત ઉદાહરણ પૂરું પાડશે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં WICCI Cyprus એ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સાઇપ્રસ પ્રવાસ દરમિયાન યોજાયેલી ઇન્ડિયા–સાયપ્રસ બિઝનેસ રાઉન્ડ ટેબલ મિટીંગમાં ભાગ લીધો હતો. આ બેઠકમાં સાઇપ્રસના પ્રમુખ શ્રી નિકોસ ક્રિસ્તોડોલિડસ (Mr. Nikos Christodoulides) પણ ઉપસ્થિત રહ્યા હતા.

વુમન્સ ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી એ ભારતની મહિલા ઉદ્યોગકારો માટેની એક અગ્રણી નેશનલ ચેમ્બરો પૈકીની એક છે, જે વ્યાપાર અને સમાજના તમામ ક્ષેત્રોમાં મહિલાઓના સશક્તિકરણ માટે કામ કરે છે. તેમના કુલ ૨૫૦૦થી વધુ કાઉન્સિલ્સ અને ૫૦ હજારથી વધુ સભ્યો વિવિધ ક્ષેત્રોમાં કામ કરે છે. WICCI Cyprus Chapter દ્વારા ભારત અને સાઇપ્રસ વચ્ચે વ્યવસાયિક અને સાંસ્કૃતિક સહયોગ વધારવા માટે બ્રિજ તરીકે કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યકત કરવામાં આવી હતી. આ ચેપ્ટરમાં ફાઇનાન્સ, લો, આઇટી, ફિલ્મમેકિંગ, એજ્યુકેશન, ઇન્વેસ્ટમેન્ટ, સસ્ટેનેબિલિટી વગેરે ક્ષેત્રોની વિવિધ પ્રોફેશનલ્સ તેમજ મહિલા સાહસિકો જોડાયેલી છે.